**માન.ધારાસભ્યશ્રી લક્ષ્મણજી ઠાકોર (કલોલ)**

**અગ્રતા ક્રમ – ૦૩**

**પ્રશ્ન–૧: ગાંધીનગર જિલ્લામાં ગ્રામસેવકની ખાલી જગ્યાઓની કામગીરીની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?**

**તથા મારો બીજો પ્રશ્ન એ છે કે આ ખાલી જગ્યા ભરવાનું આયોજન શું છે ?**

**જવાબ:–**

**માન. અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીનાં ગાંધીનગર જિલ્લામાં ગ્રામસેવકનાં કર્મચારીઓનાં મહેકમ બાબતેનાં પ્રશ્ન અંગે જણાવું તો,**

**માન. અધ્યક્ષશ્રી,**

ગાંધીનગર જિલ્લાનાં ચાર તાલુકાઓ ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસામાં ગ્રામ સેવક સંવર્ગ (વર્ગ–૩)ની કુલ મંજૂર ૧૦૯ જગ્યાઓ પૈકી ૧૦૬ જગ્યાઓ ભરાયેલ છે. એટલે કે સમગ્ર જિલ્લામાં ૯૭ ટકા કરતાં વધુ જગ્યાઓ ભરાયેલ છે.

હવે આ અંગે વિગતવાર તાલુકાવાર ભરાયેલ જગ્યાઓની વાત કરીએ તો **ગાંધીનગર જિલ્લામાં ૩૧ મંજૂર જગ્યાની સામે ૨૯ જગ્યાઓ ભરાયેલ છે.** જ્યારે દહેગામ તાલુકામાં મંજૂર **૩૦** જગ્યામાંથી **૩૦** સંપૂર્ણપણે ભરાયેલ છે. કલોલ તાલુકામાં **૨૨** પૈકી **૨૧ જગ્યા ભરાયેલ** છે અને માણસા તાલુકામાં **મંજૂર ૨૬ માંથી ૨૬ જગ્યાઓ ભરાયેલ છે.**

આમ જિલ્લાનાં ચાર તાલુકામાંથી બે તાલુકામાં ૧૦૦ ટકા જગ્યાઓ ભરાયેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હવે જે જગ્યાઓ ખાલી છે તેની વિગતવાર વાત કરૂ તો, માન. યશસ્વી મુખ્યમંત્રીશ્રી ભૂપેંદ્રભાઈ પટેલની સરકારમાં રાજ્યના કોઈપણ સેજા પર કામગીરી ખોરવાય નહિ અને પ્રજાને હાલાકી ન પડે તેનું ખાસ ધ્યાન રાખીને નીચે મુજબ કામગીરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગાંધીનગરનાં ૧૦૯ જગ્યાઓ મંજૂર છે જેમાંથી ૦૩ જ જગ્યાઓ ખાલી છે.

આ ત્રણ ખાલી જગ્યાઓ પૈકી ગાંધીનગર તાલુકાની ૦૨ સેજામાંથી પેથાપુર સેજામાં ૧ જગ્યા કે જે એક વર્ષ કરતાં

ઓછા સમયથી ખાલી છે તે જગ્યા પર અન્ય નજિકનાં સેજાનાં ગ્રામસેવકને ચાર્જ સોંપવામાં આવેલ છે અને કોબા સેજા પર પણ એ જ રીતે નજીકનાં સેજાનાં ગ્રામ સેવકને ચાર્જ સોંપવામાં આવેલ છે.

અને કલોલ તાલુકાનાં નારદીપુર સેજા પરની ખાલી જગ્યા પર કરાર આધારિત ગ્રામસેવકને ચાર્જ સોંપીને કોઈપણ લાભાર્થીઓ/ ખેડુતોને હાલાકી ન પડે તે રીતે કામગીરી લેવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

મને જણાવતાં આનંદ થાય છે કે, માન. મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં તાજેતરમાં ૧૫૭૧ જેટલાં ગ્રામ સેવકોની ઝડપી અને પારદર્શક પધ્ધતિથી અને સફળતાપૂર્વક ભરતી કરવાનો સંપૂર્ણ શ્રેય માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારને જાય છે.

આ ભરતીમાં ગાંધીનગર જિલ્લામાં ગ્રામ સેવક સંવર્ગનાં રજૂ કરેલ માંગણાપત્રક મુજબની ૨૯ પૈકી ૨૯ જગ્યાઓ એટલે કે ૧૦૦ % જગ્યાઓ આ ભરતીના વિવિધ તબક્કાઓ જેમ કે,

રીશફલીંગ અને વેઈટીંગ લીસ્ટ ઓપરેટ થવાને અંતે ભરી દેવામાં આવેલ છે.

આમ, **માન.અધ્યક્ષશ્રી** મારા પંચાયત વિભાગ દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન અને પ્રેરણાથી કોઈપણ વિવાદ કે ફરિયાદ વિના તેમજ પારદર્શકતા, ચોકસાઈ અને ગોપનીયતાના સિધ્ધાંતોનો સુગમ સમન્વય સાધીને આ ભરતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

માન.સભ્યશ્રીને જણાવતાં આનંદ થાય છે કે, આગામી દસ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તબક્કાવાર સંભવિત ખાલી થનાર ૦૩ **ગ્રામ સેવકો**ની જગ્યા ભરવાનું આયોજન કરેલ છે.

## માન.ધારાસભ્યશ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર)

### અગ્રતા ક્રમ – ૦૩

**પ્રશ્ન–૨: ગ્રામ સેવક સેજા પર હાજર રહે તે માટે સરકારશ્રી દ્વારા શું પગલા લેવામાં આવ્યા છે ?**

**જવાબ :**

ગ્રામસેવકશ્રીનો ફેરણા પ્રવાસ ગ્રામપંચાયત તથા જાહેર સ્થળોએ પ્રદર્શિત કરવામાં આવે છે અને તદઅનુસાર ગ્રામસેવકશ્રી જે તે ગામની મુલાકાત કરે છે.

વિસ્તરણ અધિકારીશ્રી ખેતી/મદદનીશ નિયામકશ્રી(વિ) પેટાવિભાગ/ તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમની હાજરી બાબતે મોનીટરીંગ કરે છે.

ગ્રામસેવકશ્રી દરેક મહિને તેમની પ્રવાસ ડાયરી વિસ્તરણ અધિકારીશ્રી મારફતે મદદનીશ ખેતી નિયામક(વિ)/તાલુકા વિકાસ અધિકારીશ્રીને મંજુરી અર્થે મોકલી આપે છે.